# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર સંચાલિત
# ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ ગાંધીનગર, સેક્ટર -23

## હેડ ક્લાર્ક માટેની ભરતી અંગેની અગત્યની સૂચનાઓ:

### સામાન્ય નિયમો:

- ઉમેદવારે અરજી કરતા પહેલાં વેબસાઈટ https://www.uancmahilacollege.org/ પર મૂકવામાં આવેલ સૂચનાઓ અવશ્ય જોઈ લેવાની રહેશે.
- દરેક ઉમેદવારે આપેલા નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.
- ઉમેદવારની ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- અધૂરી, અસ્પષ્ટ વિગતો અને જરૂરી આધારો વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નક્કી કરેલ ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- કૉલેજ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની જરૂરી સૂચનાઓ,સંબંધિત માહિતી તેમજ પરીક્ષા અંગેની વિગતો કૉલેજની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે, જેથી ઉમેદવારે સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.
- ભરતી પ્રક્રિયા દરમિયાન પસંદગી પામેલ ઉમેદવાર જો કોઈ અન્ય જગ્યાએ નોકરી કરતા હોય તો પોતાની સંસ્થાનું નિયત સમય મર્યાદામાં એન.ઓ.સી. (N.O.C.) રજૂ કર્યા પછી નિમણૂંક પાત્ર રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર જણાવ્યા મુજબ તારીખ 20/09/2025થી મળેલ એન.ઓ.સી.ની તમામ શરતો બંધનકર્તા રહેશે.

### શૈક્ષણિક લાયકાત:

ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-1956ની કલમ- 3 હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

U. A. & N. C. MAHILA COLLEGE GANDHI NAGAR

Scanned with CamScanner

ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો,1967માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

## રાષ્ટ્રીયતા:

- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ના નિયમ-7 ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## વયમર્યાદા:

- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉમેદવારની ઉંમર 20 વર્ષથી ઓછી નહીં અને 35 વર્ષથી વધુ ન હોવી જોઈશે,અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1967 ની જોગવાઈ અનુસાર રહેશે.

## વયમર્યાદામાં છૂટછાટ:

- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારો | 5 વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારો | 5 વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારો | 10 વર્ષ | મહત્તમ વયમર્યાદા 45 વર્ષ |

U. & N. O. MAHILA COLLEGE GANDHI NAGAR

| | | |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતાતા ધરાવતા પુરુષ ઉમેદવારો | 10 વર્ષ | મહત્તમ વયમર્યાદા 45 વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો | 15 વર્ષ | મહત્તમ વયમર્યાદા 45 વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારો | 15 વર્ષ | મહત્તમ વયમર્યાદા 45 વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો | 20 વર્ષ | મહત્તમ વયમર્યાદા 45 વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | |

**કમ્પ્યુટર ની જાણકારી:**

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ 13-08-2008 તેમજ તારીખ 18-03-2016 ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-10-2007-120-320 ગ.પ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-10 અથવા ધોરણ-12 ની પરીક્ષા કમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી “રદ” કરશે.

U. V. & K. O. MAHILA COLLEGE GANDHI NAGAR

Scanned with CamScanner

## પગારધોરણ:

- નાણાં વિભાગના તારીખ 16-02-2006 ના તથા તારીખ 29-0 4-2010 અને તારીખ 06-10-2011, તારીખ 20-10-2014 ના ઠરાવ ક્રમાંક:- ખરચ-2002-57-ઝ.1 તેમજ તારીખ 20- 10 -2015ના ઠરાવ ક્રમાંક: ખરચ-2002-57(પાર્ટ-2)-ઝ.1 એક તથા છેલ્લે નાણાં વિભાગના તારીખ 18-10-2023ના ઠરાવ ક્રમાંક: ખરચ-2002-57-(પાર્ટ-૪)-ઝ.1 અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવા પાત્ર થશે. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તારીખ 23-10-2015 ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-11-2015-312911-ગ.પ અને નાણાં વિભાગના તારીખ 28-03-2016 ના ઠરાવ ક્રમાંક: ખરચ/2002/57/(પાર્ટ-3)/ઝ-1 તારીખ 18 -01-2017 તથા તારીખ 18-01-2017 તથા તારીખ 18-10-2023 માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમો અનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.નંબર 14124/2012 અને SLP No.14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

## પરીક્ષા પદ્ધતિ:

- સંચાલક મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં રજીસ્ટર એ.ડી.થી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના(1) તારીખ 18/05/2023 ના જાહેરનામા ક્રમાંક: GS/2023/15/015/K, (2) તારીખ 08/11/2023 ના ઠરાવ ક્રમાંક: ભરત/102023/638937/7 તેમજ (3) તારીખ 28/12/2023 ના જાહેરનામા ક્રમાંક: GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

## સામાન્ય સૂચનાઓ:

- ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે
- ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમકે પરીક્ષા સમયે હાજરી

U. & N. D. MAHILA COLLEGE GANDHI NAGAR

Scanned with CamScanner

પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

- ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.
- ભરતી સંબંધિત તમામ સૂચનાઓ કૉલેજની વેબસાઈટ ઉપર સમયાંતરે મૂકવામાં આવશે. કૉલેજની વેબસાઈટ https://www.uancmahilacollege.org/ સમયાંતરે અચૂક જોતા રહેવું.
- ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ" કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ જો પસંદગી/ નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધારી દ્વારા કોઈપણ તબક્કે "રદ" કરવામાં આવશે.
- સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકદાર થશે નહીં,
- નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષાના નિયમોની જોગવાઈ આખરી રહેશે.
- ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધીન રહેશે.

U. A. & N. C. MAHILA COLLEGE GANDHI NAGAR

Scanned with CamScanner

➢ આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

➢ ન્યાય અધિકાર ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**તારીખ: 18/10/2025**

**સ્થળ:** ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેક્ટર-23, ગાંધીનગર.

Co-Ordinator
IQAC
Uma Arts and Nathiba
Commerce Mahila College.
Sector-23. Gandhinagar

આચાર્યશ્રી
**Dr. Lalitkumar Patel**
Principal
Uma Arts & Nathiba Commerce
Mahila College, Gandhinagar.

Scanned with CamScanner